©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] FRIDAY, 07th AUGUST, 2026/SRAVANA 16, 1948 [Issue No. 35

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I EXTRAORDINARY

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામું

નં. જે/એમએજી/કાવ્ય/મહોરમ-તાજીયા/જાહેરનામુ/૨૦૨૬.-રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં દર વર્ષે મુસ્લિમ સમુદાય દ્વારા મહોરમ (તાજીયા) ના તહેવારની ઉજવણી કરવામાં આવે છે. રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આ વર્ષે તા. ૨૫-૦૬-૨૦૨૬ અને તા. ૨૬-૦૬-૨૦૨૬ના રોજ મહોરમ (તાજીયા)નો તહેવારની ઉજવણી થનાર છે. ભુતકાળમાં ધોરાજી શહેર ખાતે રસુલપરા વિસ્તારમાં તાજીયા(ઝુલુસ) દરમ્યાન તાજીયાની ટોચ ઈલેકટ્રીક તાર સાથે અડી જતા બે વ્યકિતઓના મૃત્યુ થયેલ હતા જેથી આ બનાવો બનતા અટકાવવા માટે અને ટ્રાફિક નિયમનું પાલન થાય તથા કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત ન થાય તેમજ બીજા ધર્મના લોકોની ધાર્મિક લાગણી દુભાય એવા કૃત્યો ન કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે.

વધુમાં તાજીયા(ઝુલુસ) તહેવારની ઉજવણી સરળતાથી થઈ શકે અને કોઈ પણ પ્રકારની દુર્ઘટના કે અકસ્માત ન સર્જાય તે માટે પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્યનાં તા. ૦૫-૦૬-૨૦૨૬ના પત્ર ક્રમાંક એલ.આઈ.બી./તાજીયા/જાહેરનામુ/૨૫૬/૨૦૨૬ થી જાહેરનામુ બહાર પાડવા દરખાસ્ત રજુ થયેલ છે.

જેથી હું, **જે.એચ. બારોટ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ રાજકોટ જિલ્લા ગ્રામ્યના સમગ્ર વિસ્તારમાં તા. ૧૮-૦૬-૨૦૨૬ થી તા. ૨૭-૦૬-૨૦૨૬ સુધીની મુદત માટે નીચે મુજબના કૃત્યો કરવા પ્રતિબંધ ફરમાવું છું.

(૧) તાજીયાની બેઠક સહિત ૯ (નવ) ફુટથી વધારે ઉંચાઈના તાજીયા બનાવવા, વેંચવા તથા જાહેર માર્ગ ઉપર પરિવહન કરવા પર.

(૨) તાજીયામાં લોખંડના સળીયા કે વીજળી વહન થતી હોય તેવી કોઈ અન્ય વસ્તુ કે પદાર્થનો ઉપયોગ કરવા પર.

(૩) સક્ષમ સત્તાધિકારીની પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય તાજીયાના ઝુલુસ કાઢવા પર.

(૪) મંજુરીમાં દર્શાવેલ રૂટ સિવાય અન્ય રૂટ ઉપર નીકળવા પર તેમજ મંજુરીમાં દર્શાવેલ સમય મર્યાદાથી વધુ સમયમાં તાજીયા પુર્ણ કરવા પર.

(૫) તાજીયાના રૂટ ઉપરથી પસાર થતા સમયે તે વિસ્તારમાં રહેતા વ્યકિતઓને કોઈ પણ પ્રકારે અડચણ કે ત્રાસ કે નુકશાન કે લોકોના જાન કે સ્વાસ્થયની સલામતીને નુકશાન થાય તેવું કૃત્ય કરવા પર.

(૬) કોઈ પણ ધર્મના લોકોની લાગણી દુભાય એવા કોઈ પણ પ્રકારના ચિન્હો કે નિશાની વાળા તાજીયાઓ બનાવવા, ખરીદવા તથા વેંચાણ કરવા ઉપર તેમજ કોઈ પણ ધર્મના લોકોની લાગણી દુભાય એવું કોઈ પણ કૃત્ય કરવા પર.

(૭) રાત્રીના ક.૨૨-૦૦ થી ક. ૦૬-૦૦ સુધી લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા પર.

(૮) તાજીયા કમિટી દ્વારા જાહેર રસ્તા ઉપર કે પબ્લીક સ્ટોલ લગાવવામાં આવે છે ત્યાં કે તેની આજુબાજુની જગ્યામાં કોઈપણ પ્રકારની ગંદકી કરવા પર. (આ જગ્યાઓ ઉપર કચરા પેટી રાખવાની તથા સફાઈ કરાવવાની જવાબદારી તાજીયા કમિટીના આયોજકોની રહેશે.)

(૯) તાજીયામાં લાઈટીંગ (બલ્બ ડેકોરેટીવ ફીટીંગ સીરીઝ લાઈટ વિ.) નો ઉપયોગ કરવામાં આવે તેનું વાયરીંગ ખુલ્લુ રાખવા ઉપર પ્રતિબંધ તેમજ હયાત ચાલુ વીજલાઈનને કોઈપણ ધાતુના પદાર્થ કે લાકડાની કેચી (બામ્બુ) વડે ઉચા કરવા પર.

(૧૦) તાજીયાના રૂટ પર આવતા લાઈટના પોલ વીજવાયર થાંભલા તેમજ વાયરીંગને નુકશાન થાય તેવા કૃત્ય કરવા પર.

(૧૧) કોઈપણ તાજીયાનો બિનવારસી હાલતમાં મુકવા પર.

અમલવારીનો સમય :

આ જાહેરનામું તા. ૧૮-૦૬-૨૦૨૬ થી તા. ૨૭-૦૬-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

અમલવારીનો વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશનરેટની હકુમત સિવાયનો રાજકોટ ગ્રામ્યનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે પોલીસ સબ ઈન્સ્પેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યકિતગત રીતે આ નોટીસની બજવણી કરવી શકય ન હોય એકતરફી હુકમ કરૂં છું કે, આ હુકમ રાજકોટ જિલ્લા ગ્રામ્યનાં સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહુ વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનુ પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આજ તા. ૧૦મી, માહે જુન-૨૦૨૬ ના રોજ મારી સહિ તથા સીક્કો લગાવીને જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

રાજકોટ, ૧૦ માહે જુન, સને ૨૦૨૬.

જે. એચ. બારોટ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
રાજકોટ જિલ્લા

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.08.14 14:32:06 IST